रसिक रूप काव्य

प्रथम भाग.

શ્રીપુર સત્ય માર્ગ દર્શક સભાની પ્રસન્નતાર્થે,

અળીંદ્રાના

રૂપશંકર ગંગાશંકરે બનાવીને પ્રસિદ્ધ કર્યું.

અમદાવાદ

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીંટીંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ હીરાચંદે છાપ્યું.

સંવત ૧૯૨૮.   સન ૧૮૭૨

મૂલ ૧ આનો.

ગ્રંથાર્પણ.

મેહેતાજી સાહેબ જયસિંહ ચતુરસી.

હું તમારા હાથ નીચે અભ્યાસ કરી આટલું લખવાને શક્તિવાન થયો છું, અને અલ્પ એવું જ્ઞાન તે પણ તમારાથી પામ્યો છું. તેમજ તમારી સદૈવની મારા ઉપરની પ્રીતિ જોઇને એ ઉપકારનો બદલો આપવાને અશક્ત છતાં આ નાનો ગ્રંથ માત્ર યાદગીરી દાખલ તમને ભેટ કરૂં છું, તે માન્ય કરશો. એજ તા. ૧૪મી અકટોબર. ૧૮૭૦

રૂપશંકર ગઆશંકર.

એક તમારો વિદ્યાર્થિ

સૂચના.

આ ગ્રંથ જેને અર્પણ કરેલો છે, એ વિદ્વાન જયસિંહ ચતુરસીને અલીંદ્રાની સરકારી નિશાળના શિક્ષક વગેરયે જે માનપત્ર તા. ૩૦મી માર્ચ ૧૮૭૦ને રોજ આપેલું તે માનપત્ર આ ગ્રંથ તેમને અર્પણ કરતાં અત્રે દાખલ કરવું દુરસ્ત ધારીને નીચે મુજબ દાખલ કરૂં છું.—

मानपत्र.

दोहरो.

गुण निधिश्री जयसिंहने, मनमां धरीने मान;

दृढ़एं यादगिरि विशे, मानपत्र सम+मान.

વિદ્વાન, વિવેકી, સર્વ સદ્‌ગુણનિધાન.

શ્રી. જયસિંહજી ચતુરસી.

અલીંદ્રાના મુખ્ય મહેતાજી.

આ અમારી અલ્પ વિનતિ ધ્યાનમાં લઇને ભૂલ ચૂક માફ કરશો.

આપ જ્યારથી આ ગામમાં પધાર્યા, ત્યારથી નિશાળીઆઓની તો શું? પણ ગામની દશાવળી, એમ સમજવામાં આવે છે; કારણ કે હાલ જે નાના બાળકો તેજ આગળ પુરૂષો થવાના. માણસને વિદ્યા સિવાય બીજું કાંઇ તત્વ નથી; અર્થાત્ વિદ્યા વગર માણસ પશુ સમાન છે વિદ્યા શીખવવી, એ કાંઇ ઓછું કે જેવું તેવું કામ નથી. વિદ્યાના સર્વ ગુણોથી આપ સાહેબ માહીતજ છો. તેથી અમે તમને જે વિશેષ કહીએ તે વ્યર્થ, પરંતુ એટલુંજ કે તમે જે મેહેનત લીધી છે, તેને વાસ્તે મુરખ્ખ લોકો કાંઇ સમજતા નથી, તેમને મન તો એમાં શું? એવું છે, પણ વિચારવાન માણસોએ આપનો ઘણો ઉપકાર માનવો જોઇએ. અમે ઇશ્વરની પાસે ખરા દીલથી એટલુંજ માગીએ છીએ કે તમને તે સર્વત્ર અને સદા સર્વ પ્રકારે સુખી કરો; તેમજ સઘળે સજનોમાં મોટાં મોટાં માનપત્ર પામો.

આ એકજ વિષય વડે થોડું ઘણું લખેલું છે, પણ તમા-

+માનપત્રના જેવું એક પાનું. અર્થાત્ આને માનપત્ર નામ આપતાં અમે શંકા ધરીએછીએ. કેમકે માનપત્રનું લખાણ કરવાને અમે સમર્થ નથી.

રા આ ગામ ઉપર ઉપકાર અને સદ્‌ગુણ વાસ્તે જે કહેવાએ તે થોડુંજ છે. આ પ્રસંગે આ વિષય વધારે બોલવાને અમારૂં મન તૃપ્ત થતું નથી, પરંતુ હાલ આ અજાણ્યા ભ- રેલા વિષયથી તમને કંટાળો ના આવવા માટે આટલેથીજ બંધ કરતાં આપની પાસે ભૂલ ચૂકની ક્ષમા માગુ છું.

આ ગામની રચના અને ગામના લોકો જોઇને તમે દિલગીર તો થયા હશો, પણ મોટા માણસનું લક્ષણ છે કે માફ કરવું. કેમકે આ ગામમાંઃ—

मनहरछंद.

मळे नहि शाक तरकारी ने अनाज अने,
पाणी न मळे तो मेवा मिठाइनी वात शी?
अभणने अल्पज्ञानी मुरखना सरदार,
एवा लोक पासे विदवान केरि वात शी?
वैद्य ना मळे के ना मळे विचारवान जन,
पाछळथी बोलनार लोक केरि वात शी?
श्री चतुर सुत दिलगीर तो थया जरूर,
माफ करो मुर्ख केरि ध्यान धारो वात शी? १

તા. ૩૦મી માર્ચ સને ૧૮૬૭

અલીંદ્રાની સરકારી ગુજરાતી નિશાળ.

नीति निरूपण.

મંગળા ચરણ.

ઈંદ્ર વજ્ર.

ભૂલોક, તારા, જળ, વાયુ, કર્ત્તા,
ભાનૂ નિરાધાર હિમાંશુ ધર્તા;
કાળા કર્યા કાગ વિચિત્ર મોરો,
જેણે રચ્યા ચંચળ આ ચકોરો. ૧

દોહરો.

જેણે જગમાં જન નિશ્ચે, નીતિ કરી પ્રસિદ્ધ:
તેને પ્રણમીને કરૂં, નીતિ નિરૂપણ સિદ્ધ. ૨

ઈશ્વરને ભજવા વિશે.

ભુજંગી છંદ.

ભજોને તમે માનવી ભાવ ભાંડુ,
તમોને પ્રભૂ આપશે ભક્તિ ભાડુ;
પ્રભૂ છે નિરાકાર, એવું પિછાણો.
જુઠી ભાક્તિનો પાર વેલોજ આણો. ૧
તમે રોટલાસ્નાન માટે નહાવો,
શું એમાં તમે ધર્મ જાણો, બતાવો?
કરી છાપ ટીલાં રૂપાળા ન થાઓ,
અરે એ મુકી સત્ય ધર્મ ચલાવો. ૨

ખરો ભક્ત ગૂરૂ કહો કોણ કેવો,
ગુરૂ હોય તે આપણા બાપ જેવો,
નઠારા ગુરૂ હોયતે વેંમ આપે,
ખરા સૂધરેલા ગુરૂ વેંમ કાપે. ૩

ખરા ધર્મની રીત તે હૂં બતાવૂં,
તમારે અમારે સદા શૂભ થાવૂં;
ખરો ધર્મ માતા પિતાનો હું જાણું,
બિજા વેંમને દીલથી દૂર આણૂં ૪

ખરો ધર્મ જે સત્ય વાણી વદાવે,
નઠારાં તજાવી સુકર્મો કરાવે;
ખરા ધર્મથી માનવી શુદ્ધ થાએ.
નઠારા મતોથી ન સ્વર્ગે જવાએ. ૫

ભારોસો ભલો પ્રભુનો એક રાખો,
ખરી રીતથી પ્રેમનો ગૂણ ચાખો;
ભજો વિશ્વના નાથને ભાવ આણી.
ખરા દીલથી ને ખરો સત્ય જાણી. ૬

જશે સર્વ પીડા થશે સૂખ ધારો,
ખરો દેવ તે શ્રી હરી છે વિચારો;
ખરો ભાવ આણી પ્રભૂ દીલ ભાવો,
કહૂં હું જીભ કે ખરૂં હેત લાવો. ૭

નઠારૂં વદે જો કદા જીભ તારી,
ખરે ખેંચ ઝાલી સુધારો વિચારી;

જુઓ લોભિના કંઠમાં મોટી માળા,
બધા દ્રવ્ય લેવા કરે ઢંગ ઢાળા. ૮

સુધારો પસારી કુધારો નસાડી,
વિચારી વિચારી અગાડી પછાડી;
ભજો વિશ્વના નાથને સત્ય જાણી,
તજો ઢોંગીનો ધર્મ જુઠો પ્રમાણી. ૯

પ્રચૂર્ણ શીક્ષા.

દોહરા.

આળસથી અળગા રહો, કરજો ઉદ્યમ આજ;
આળસથી આ દેશનાં, ગયાં કેકનાં રાજ. ૧

જો દેખ કુળ કૃષ્ણનું, છેદ્યુ છપન ક્રોડ;
તે માટે તુજને કહું, કેફની સોબત છોડ. ૨

કૃપણ પણાથી કોટિધા, નિત્ય નિત્ય દુખ હોય;
સઘળી તેની સંપતી, ભોગવશે જન કોય. ૩

જુઠું ના વદશો કદી, વદજો સાચી વાત.
દીલ ધરીને દાખજો, સત્ય વિશ્વનો પાઠ. ૪

જુઠું બોલે જે કદી, નક્કી પામે નાશ;
તે માટે બાળક તમે ન કરો એની હાસ. ૫

લોભે અપજશ લોકમાં, ઘટે લોભથી લાજ;
લોભી જન સુખ નવ લહે, અંતે બગડે કાજ. ૬

લોભ કર્યાથી લાખકે, હોતા જન હેરાન;

માટે મિત્રો માહરા; શિક્ષા ધરજો કાન. ૭

કહે વડીલો તે કરો, કરોન બીજું કાંઇ;
કહે તૂં વે'લો ઉઠજે, તો તે કરવું ભાઇ. ૮

જા તૂં આજ નિશાળમાં, શિખજે સારી વાત;
રોજ રોજ હેતે કરી, પાઠ શીખજો ભ્રાત. ૯

નિશાળ માંહી કદી તમે, નવદો કડૂ વચન;
સઉ જોડે ખુશી રહો, હેત ધરીને મંન. ૧૦

ઉઠી પ્રભાતે લાગજે, પરમેશ્વરને પાય;
તેથી મળશે તૂજને, સુખના સઘ્ન ઉપાય. ૧૧

ગર્વ અતિશે જે કરે, નક્કી મૂરખ હોય;
ગર્વ થકી આ દેશના, મરી ગયા કૈ રોઇ. ૧૨

તે માટે તમને કહું, નકરો ગર્વ લગાર;
ગર્વ થકી તો નીપજે, ખોટો લાભજ યાર. ૧૩

ગાળાગાળી ના વદો, સમજો સાચી રીત;
સૌ સંપીને ચાલજો, સંપે સમજી હીત. ૧૪

મેહેનત કરજે હેતથી, ભાગે ભૂખ અપાર;
મે'નત કરવાથી મળે, ઇશ્વર કેરો પ્યાર. ૧૫

ભણજો મિત્રો માહરા, કહુંછું વારંવાર;
ધર્મ વિચારો આપણો, વદું સત્ય આચાર. ૧૬

જેને રીસ તુરત ચઢે, પાછળથી પસ્તાય;
પાછળ પસ્તાવું પડે, એવા ન કર ઉપાય. ૧૭

જેને તર્ત ન રીસ ચઢે, એને ઉત્તમ જાણ;

જે નર ઘણો રિસાળવો, તેને નીચ પ્રમાણ. ૧૮

ગુણ પછવાડે ગુણ કરે, શો તેમાં આભાર;
અવગુણ કેડે ગુણ કરે, એ સજ્જન દાતાર. ૧૯

માટે પ્યારા મહારા, અવગુણ કેડે ગૂણ;
કરશે એવું તૂં કદી, તેથી થાશે પૂણ્ય. ૨૦

સારી રીતે મેળવો, ખરચો સારે કામ;
ધન ખરચી વિદ્યા ભણો, કહુછુ સાચું આમ. ૨૧

સામાની સામા થવા, ધન ખરચો ન લગાર;
તેથી મેળવશો નમ, જે સુખનો ભંડાર. ૨૨

જાર કર્મથી જાણજો, બહુ બહુ ભુંડું થાય;
જાણીએ જો એવા કને (તો) અંતે દુઃખી થવાય. ૨૩

માટે મિત્રો સર્વને, કહુછું સાચો સાર.
જાતાં જન એવા કને, થાશો દુખી અપાર. ૨૪

સંપ કરીને ચાલશો, હોશે સજ્જન નેહ;
જે નરમાં શુભ સંપ નહીં, દુઃખો તેની દેહ. ૨૫

દ્રુતવિલંબિત છંદ.

ભજ પ્રભૂ જપ તૂં જગદીશને;
સરજનાર ભુમી દશ દીશ ને;
જગપતી ધરણી ધરે તાતને;
સમરને કરશે સુખ શાતને. ૨૬

આઠ મૂર્ખ.

દોહરા.

આઠ લક્ષણ મૂરખ તણાં, વર્ણવું ઉત્તમ તેહ;
વિદ્યા ભણવે આળસૂ, પહેલો મૂરખ એહ. ૧

બીજો મૂરખ બાપડો, વદી ન જાણે બોલ;
સભા વિશે કેવી તરે, પડશે તેની તોલ. ૨

નક્કી રહે સંસારમાં, અને ન જાણે ધર્મ;
ત્રીજો મૂરખ તેહને, કે'વાનો છે મર્મ. ૩

સંસારે શુભ સમજીએ, સજ્જન કેરી વાત;
કેવો પરભૂએ ઘડ્યો, નર તનુંનો આઘાટ. ૪

રુડો કાયદો એહનો, પાળો આઠે પો'ર;
અહંકારથી નવ કરો, દીનપર દુઃખનું જોર. ૫

કેફ કરીને પડિ રહે, ખોટૂં બાએ યાર;
જુવે રમે જુવારિ જન, તે ભૂપર ભણ ભાર. ૬

ખરાબ કરતા દેહને, કરે અનાડી વાત.
સાચૂં બોલે નહિં કદી, વિશ્વાસીને ઘાત. ૭

જન્મી માના પેટથી, નિંદાવે છે કૂખ;
ચોથું લક્ષણ મૂર્ખનું, દોઢું જેમાં દુઃખ ૮

મીઠું વદે ન મુખથકી, કડવાં કાઢે વેણ;
સુણતાં સૌને સંભવે, શત્રૂ સમ દુખ દેણ. ૯

અમૃત સમ વાણી વદો, મુખથી તમે સદાય;
જે સુણતાં દુખ ઉપજે. એમન વદો કદાય. ૧૦

સમ ખાવા વખતે પડે, વખતે તાળિ પડાય;
એવું સમજે નહિ સદા, એ પાંચમો લખાય. ૧૧

સજ્જનની સોબત નહીં, એકલ મતિયો આપ;
કામ કરે નહિં શૂજ તે, છઠ્ઠો મૂરખ સાફ. ૧૨

તેવા નર સાથે મળી, રહો નહીં કોઈ કાળ;
એની શીખ ન સંગ્રહો, રાખીને સંભાળ. ૧૩

ધન હોયે જો ઘર વિશે, ખરચે અવળે માર્ગ;
રમી જુગારે મુરખ જન, હારે દ્રવ્ય અથાગ. ૧૪

વળી પોતે ઉજળો ફરે, કરે તથા વ્યભિચાર;
તેમાં ધન ખોએ ઘણું, ધરે ન ધર્મ વિચાર. ૧૫

સહુ લક્ષણ મુરખ તણાં, વરણવિયાં મ આજ;
ગુણિ જન સમજી લેઇને, કરશે આપનું કાજ. ૧૬

ચાર પુરૂષાર્થ સાધન નહીં, અષ્ટ મુરખ કહેવાય;
ચાર પુરૂષાર્થ જેમાં નથી, તે પાસે ન વસાય. ૧૭

કોઈ પંડિતની વાર્તા, કરી કવિતા માંય;
કહ્યા પ્રમાણે ચાલશે, તે રોજે સુખી થાય. ૧૮

ક્ષમા.

ભૂજંગી

અહો મિત્ર મારા કહૂં વાત સાચી,
તમે લ્યોજ મારાં બધાં વાકય વાંચી;
કહું એક વાર્તા દિલ લ્યો વિચારી,
તમે તેવિ રાતેજ ચાલો સંસારી. ૧

તમો તેજ જેણે મહા દુઃખ દીધું,
મુખેથી નઠારૂં તને તેમ કીધું;
તથા તારૂં ભૂંડું કહે લોક મોઢે',
તું તેનેજ શિક્ષા કરે નાજ કોડે. ૨

તમે જો બિજાના ગુ'ના માફ ધારો,
ગુના માફ તારા કરે દેવ યારો;
ખરેખાત એવાજ ધારા પ્રભૂના,
ઘણા વર્ણવું શું સુધારા જભૂના. ૩

ક્ષમા રૂપી જે ખડ્ગ તે હાથ માલો,
ઘણા સદ્ગુણોની પ્રજાએથી પાળો;
ખરામાં ખરો ગુણ તેન્આ વિચારો,
વળી સૂધરેલા સુધારા વધારો. ૪

આળસ વિશે.

ભૂજંગી.

તમે માનવી માનજો વાત સાચી,
કહું ના તમોને કદા વાત કાચી;
રૂડા સજ્જનો છંદમાં ધ્યાન ધારે,
તમે આળસું કેમ થાઓ વધારે. ૧

વદાને કહું છંદમાં વાત સારી,
સુણો બાઇ બાઇ નરો તેમ નારી;
અરે ચિત્ત રાખી તમે એક ઠારે,
તમે આળસું કેમ થાઓ વધારે. ૨

પુર્યો પંખીને પાંજરે એક વાતે,
નહીં આળસે બેસી રે' એક રાતે;
બહૂ કષ્ટ વેઠે જવા નિત્ય બા'રે,
તમે આળસુ કેમ થાઓ વધારે. ૩

કરે નાસવા કાજ ઉપાય ઝાઝા,
નથી બાળતા આળસુ પંખી ઝાઝા;
અરે આળસુ જો વિચારી લગારે,
તમે આળસું કેમ થાઓ વધારે. ૪

ફરેછે બિલાડું ઘરો સાત આઠે,
સદા ઘી, દહીં, દુધ લેવાજ માટે;
ચઢે ઝાડ કે પા'ઢ ખૂણે અખાડે,
તમે આળસુ કેમ થાઓ વધારે. ૫

નથી ભાગતી જે ચણેબીજ કોઠી,
કરે મૂષકો કાણું તે કાપિ કોરી;
સુણે સોર થાતો પડયું મેલી ભાગે,
તમે આળસું કેમ થાઓ વધારે. ૬

નકી દાખલો આજ એવોજ લેવો,
ખરેખાત રાખો તમે એવી ટેવો;
કરો સૌ ખરે ધારિને આ વિચારે;
તમે આળસું કેમ થાઓ વધારે. ૭

તથાપી અમે તો બીજા જીવ બાળ્યા,
ખરે સર્વ છે પક્ષી આનંદ વાળા;

નથી ઉંઘતાં તે બપોરે બજારે
તમે આળસુ કેમ થાઓ વધારે. ૮

જુઓ ઉઠિને મધમાખી પ્રભાતે,
ફરેછે બધે ખોળવા મધ જાતે;
નથી બેસતી તે કરી અલ્પ વારે,
તમે આળસુ કેમ થાઓ વધારે. ૯

જુઓને વળી પારધી તો ઉડાડે,
લઈ જાય તો તે મધપુડો સાથે,
નથી તોય, તે માખી નિરાશ થાતી,
તમે આળસુ કેમ થાઓ વધારે. ૧૦

વળી કષ્ટ વેઠી ફરી ઠામ બાંધે;
વળી મધ તો આણી ઉદ્યોગ સાધે;
કરે એહના સૂખ માટે ઉપાયે,
તમે આળસુ કેમ થાઓ વધારે. ૧૧

બહૂવાર લૂંટી જનારા મળ્યાતો,
નથી દેખતા શોક કે રોષ થાતો;
નહીં દુર્બળી કે બહુ તાજી થાએ,
તમે આળસું કેમ થાઓ વધારે. ૧૨

બની હુંનરે આ જુઓ આગગાડી,
નહી કોઈ કહાડો હવે વાત આડી,
હવે લો મચ્યો ઝાબવા રીત સારી,
વધે દેશનું માન જો જો વિચારી. ૧૩

ભૂંડી રાંડ વિષે.

દોહરા.

ઉદય કલ્લે ઉઠે નહીં, વદે બડબડી બોલ;
માર ખાય સ્વામી તણો, ભુંડિ રાંડની તોલ. ૧

કહિયે તેજ કરે નહી, કરે બિજુ બેડોળ;
સમજે નહિ કશિ સાનમાં, ભુંડિ રાંડની તોળ. ૨

રોજ ઉઠી પરભાતમાં જૂઠા બોલે બોલ;
કહ્યું ન માને કામની, ભુંડિ રાંડની તોલ. ૩

પતિ જો કંઈ માગે કદી, વદે ચડાવિ કપાળ;
"હાય પાય ભાગી ગયા!", ભુંડિ રાંડની તોલ. ૪

ઘાંટા તાણિ વદે ઘણું, જેહ સુણે બે પોળ;
જુઠું વદી લડવા તડે, ભુંડિ રાંડની તોલ. ૫

સાચિ જુઠિ વાતો ભણે, અને લડે અણતોલ;
મન ફાવે તેવું કરે, ભુંડિ રાંડની તોલ. ૬

પર ઘર ઝાઝું આથડે, જેમ ફરે વંટોળ;
ઘરમાં પગ ઘડિ નવ ટકે, ભુંડિ રાંડની તોલ. ૭

વાત પારકી ઘર વિષે, છાની હોય કરેલ;
ચાહન જગમાં જઇ કરે, ભુંડિ રાંડની તોલ. ૮

લડતાં આકુ બડે ઘણું, જુઠું મૂકે આળ;
રોષ વિના તેતો રુવે, ભુંડિ રાંડની તોલ. ૯

રાંધે જઈ નાહ્યા વિના, ધરે ઉઘાડુ અન્ન;
પુત્ર પુત્રિને આળ દે, પણ ન વિચારે મન્ન. ૧૦

શોક્ય કહે વેસ્યા કહે, કહે વળિ ભોડી રાંડ
કુભાર્યા મુખથી વદે, જેમ ભાંડની રાંડ. ૧૧

હાય! ઉઘાડી કાયની, ગાય પેઠ અથડાય,
આય અતિ અકળાય તે, ગાય અને મકલાય. ૧૨

અરે હરી! રે જગપતિ, જેમાં મોટો દોષ;
ગાળો દે છે તેહને, પુત્ર ઉપર પણ રોષ. ૧૩

આવા શુભ દે પુત્રને, નારી તેજ હમેશ;
સગાં સહોદર સર્વનો, સુત પર પ્રેમ વિશેષ. ૧૪

આ દેશ તણિ પુત્રીએ, શો કિધ તુજ બિગાડ;
તે સમજાતું નથિ પ્રભુ, માટે સમજણ પાડ. ૧૫

એમાં કંઈ તુજ વાંક નથિ, અપરાધી આ લોક;
પુત્ર પુત્રી ઉપજાવિયાં, રૂડો રાખી શોખ. ૧૬

તારે કંઈ જુદું નથી, તારે મન સહુ એક;
હું જાણુ છું જગતમાં; રૂડો તારો નેક. ૧૭

સુણજો બેનો માહરી, નવ ધરશો દિલ રોષ;
વિગતે સરવે મેં કહ્યું, નવ દેશો કોઈ દોષ. ૧૮

રે રૂડી બેનો! તમે,- ચાલો નહીં કુચાળ;
દિલમાં ડરિને દોષથી, શ્રી હરિ સામું ભાળ. ૧૯

ભૂંડી રાંડો છો બકે, કરો ન તેનો સંગ.
ધર્મ સમજિ પોતા તણો, લ્યો સ્વામીનો રંગ. ૨૦

થિર થઈ ઘર ધંધો કરો, પર ઘરમાં નવ જાઓ;
રૂપશંકર સાચું કહે, સંપ કરી સુખી થાઓ. ૨૧

માતુશ્રી સ્તુતિ.

ભૂજંગી.

અરે મા તણો ગુણ નાહિં વિસારો;
જુવો ને કરયા કેટલા ઉપકારો;
ગણાને કરૂં વિશ્વમાં તે વિક્ષાતા;
બહું સૂખ દાતા મને મારિ માતા. ૧

તજી સૂખ મોટાં તમે દૂઃખ વેઠયાં;
તજી કાંમને તે મને લેઇ બેઠાં;
હતો બાળ હું તો તને દૂખ દાતા;
બહું સૂખ દાતા મને મારિ માતા. ૨

મને દૂઃખ થાતું તમે આશું આંણી;
અરે તેડિ લાવો વઇદો પ્રમાંણી;
પછી તો મને થાય છે સૂખ સાતા;
બહું સૂખ દાતા મને મારિ માતા. ૩

બહુ ટાઢવાતી સિયાળાની રાતે;
જગાડું તુને હું મને સૂઃખ માટે;
દયા દીલ આંણી ઉઠો મારિ માતા;
બહું સૂઃખ દાતા મને મારિમાતા. ૪

ઉઠીને પ્રભાતે મુજ સાંમુ જોતી;
કરી સાફને દીલના દોષ ધોતી;
ખવાડી પિવાડી કરે સૂઃખ સાતા;
બહું સૂઃખ દાતા મને મારિ માતા. ૫

સુવાડી મને પારણે ગીત ગાતાં;
રમાડી તમે આપતાં ખાવું ખાવા;
કરૂં કાંમ આડું બગાડીજ માતા;
બહું સૂખ દાતા મને મારિમાતા. ૬

તમે ક્રોધ વાતે રીસે ના ભરાઆં;
તમે હેતની આંખ્યથી તો ડરાવ્યાં;
દૂરેથી હું દેખૂ તમે ખૂઃસી થાતાં;
બહું સૂઃખ દાતા મને મારિમાતા. ૭

વડુ દુઃખ વેઠી મને મ્હોટી કીધો;
પછી તો મને ગ્નાનની ડંડ દીધો;
હવે ચાલુ એવી રિતે દીન ઝાઝા;
બહું સૂઃખ દાતા મને મારિમાતા. ૮

અરે મૂજ કાજે તમે બોધ દીધા.
હવે તે અમે દીલમાં લેઇ લીધા;
બહું દૂર્ગુણો દીલથી દૂર થાતા;
બહું સૂઃખ દાતા મને મારિમાતા. ૯

તમે ખૂબ મારી મને તો ભણાવ્યો;
સંસારીક રસ્તો પછી તો બતાવ્યો;
કરાવ્યું તમે કાંમ સારૂંજ માતા;
બહું સૂઃખ દાતા મને મારિમાતા. ૧૦

વિચારી વદુછુંજ ગૂણો તમારા;
નથી એહમાંનાજ એકે નઠારા;

ગયો ગામને હું થયા દીન ઝાઝા;
બહું સૂખ દાતા મને મારિમાતા. ૧૧

કરી કલ્પનાને અરે આંસૂ આંણી;
અરે એવિ વાતો બહું નિત્ય જાંણી;
નહિં સંમજ્યુ ને તમે બુદ્ધિ દાતા,
બહુ સૂઃખ દાતા મને મારી માતા; ૧૨

ખરે બાળ મારૂં વધી થાય મોટું,
નકી એમ જાંણી ખવારે ન ખોટું.
અરે એ ગુણોના ઓસિગણ થાતા,
બહું સૂખ દાતા મને મારી માતા, ૧૩

તને કેમ થાશે પ્રભૂ દૂખ દાતા,
વડા ગૂણ માના નથી વીસ રાતા,
નકી માતનેતો વિસારે નઠારા,
બહું સુખ દાતા મને મારી માતા, ૧૪

નમી હાથ જોડી કહું સત્ય કાંણી,
જરી માતને દુઃખ દેતા ન તાંણી,
દેવે દુઃખ તે થાય જો નર્કવાસી,
બાણી વાત મેં દિલથી રોજ સાચી, ૧૫

કરો માતની તાતની રોજ સેવા,
પ્રભુનો તમે તો પુરો પ્યાર લેવા,
ઉઠીનિત્ય નીમે પ્રભુ નામ દેવું
પછી નેકીના કાંમથી સાચું કેવું, ૧૬

સુણો બાળકો મેં કહી વાત પ્રીતે,
રમાડો તમે મનમાં નિત્ય નીમે,
ચાલે આવી રીતે બહુ સુખ પાંમે,
રચ્યા શ્લોક રૂડા, નકી રૂપરાંમે.

સુણી છંદ રૂડા તજો માર્ગ કુડા,
હશે જેહ ભુંડા, બંધાં તેણે ગૂડયાં,
હરી રીઝવાને, અરી ખીજવાને,
બરી પીજવાને, સુધા જાણ આને,

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલી ચોપડીઓ અમદાવાદમાં હાજાપટેલની પોળમાં લાંભેશરમાં શ્રીપુર સત્યમાર્ગ સભાની આફીસમાંથી, તથા મોજે અળીદ્રા તાલુકે માતર જીલ્લે ખેડામાં વ્યાસ રૂપશંકર ગંગાશંકરને ત્યાંથી તથા ખેડા નીતિપ્રકાશ પ્રેશમાંથી ધરાંગધરામાં ત્યાંની સ. ગુ. નિશાળમાંથી, કપડવણજમાં અર્કોદય આફીસમાંથી તે શીવાય બીજેથી પણ તપાસ કરતાં મળશે. છુટક અને જારી ચોપાનીયાં વર્તમાન પત્રો દરેક જાતનાં જોઇશે તેને મંગાવી આપવામાં આવશે.

ચોપડીઓનાં નામ.	કીમત.	ટપાલ ખર્ચ.
હરકોર માઇનો રાસડો.	રૂ૦—૨—૦	રૂ૦—૧—૦
મોહન કાવ્ય મોટું	૦—૧૦—૦	,,
મોહન કાવ્ય નાનું સ્ત્રીવિષય	૦—૧—૬	,,
હંશ ચાતુરી	૦—૧—૬	,,
લક્ષ્મી મહિમા	૦—૧—૬	,,
તંત્ર દર્શક	૦—૧—૦	,,
વેમખંડન ગ્રંથ	૦—૧—૦	,,
કેટલાક પોલીસોની ધામધુમ	૦—૧—૦	,,
સીવ સ્તુતિ	૦—૦—૬	,,
રસીક રૂપ કાવ્ય	૦—૧—૦	,,
કોયડા સંગ્રહ	૦—૬—૦	,,
વલભ્યાખ્યાન	૦—૧—૩	,,

પી વિલાપ -૬--૦ ,,

એ શીવાય ઈંગ્રેજી શુ[illegible]તી દરેક ભાષાની ચોપડીઓ અમારે ત્યાં ટપાલ ખર્ચ અને મુલ કીમત બાદ રૂપીએ એક આનો મોકલશે તેમને સભા તરફથી મોકલવામાં આવશે શેહેરના રેહેવાશીઓ કનેથી ટપાલ ખર્ચ લેઇશું નહીં. ટીકીટો વિગરે દરેક રીતથી નાણાં અમારી તરફ કોઇ મોકલશે અને તે નાણાં કંઇ ગુમ થશે તો તેનું જોખમ મોકલનારને શિર છે માટે પઃ કબજેથી મોકલવાં, નાટપેટ કાગળ લેઇશું નહીં એજ તા૦ ૧૮-૧૨-૧૮૭૧.

શ્રીપુર સત્ય માર્ગ દર્શક સભાની આફીસ અમદાવાદ } મોહનલાલ દલપતરામ પ્રમુખ.